સુરક્ષા સેતુ સોસાયટી

Kalpesh.
9824150545

CID CRIME GUJARAT

અધિક પોલીસ મહાનિર્દેશક
સીઆઈડી (ક્રાઇમ અને રેલ્વે)



# બાળકોને જાતીય સતામણીના ગુનાઓ સામે રક્ષણ આપતો કાયદો ૨૦૧૨



# સંદેશ

મિત્રો,

નમસ્કાર,

કેટલાક સમયથી બાળકો સાથે જાતીય સતામણીના ગુનાઓ બની રહ્યા છે. આ ગુનાઓને રોકવા ગુજરાત પોલીસ આવા ગુનાઓ માટે જવાબદાર એવા ગુનેગારોને સજા અપાવવા તેમની સામે સખત કાર્યવાહી કરી રહી છે. આવી કાર્યવાહી સાથે સંકળાયેલ આપ સૌ ગુજરાત પોલીસના અધિકારીઓ, બાળકો માટે કાર્યરત એવી સ્વૈચ્છિક તેમજ સરકારી સંસ્થાઓના કર્મચારીઓ, શાળાના શિક્ષકો અને સંચાલકો તથા તાલીમી સંસ્થાઓના સંચાલકો માટે ઉપયોગી એવી આ પુસ્તિકા આપ સૌ સમક્ષ રજુ કરી રહ્યા છીએ. આ પુસ્તિકામાં The Protection of Children from Sexual Offences act 2012 નો ગુજરાતી અનુવાદ કરવામાં આવ્યો છે. જે આપ સૌને આ કાયદાને સમજવામાં અને અન્યોને સમજાવવામાં વધુ અનુકુળ અને ઉપયોગી રહેશે.

આશા રાખુ કે અમારો આ પ્રયત્ન આપ સૌને ઉપયોગી થાય.

આભાર,

**અનિલ પ્રથમ** આઈ.પી.એસ.
પોલીસ મહાનિરીક્ષકશ્રી,
સી.આઇ.ડી. ક્રાઇમ - મહિલા સેલ
ગાંધીનગર.

## (THE PROTECTION OF CHILDREN FROM SEXUAL OFFENCES ACT 2012)

**પ્રકરણ - ૧**

**પ્રારંભિક**

**કલમ : ૧**

(૧) આ કાયદો બાળકોને જાતીય સતામણી અંગેના ગુનાઓ સામે રક્ષણ આપતો કાયદો ૨૦૦૨ કહેવાશે.

(૨) આ કાયદો જમ્મુ અને કાશ્મીર સિવાયના સમગ્ર ભારત પ્રદેશમાં લાગુ પડશે.

(૩) આ કાયદો કેન્દ્ર સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવે ત્યારથી અમલમાં ગણાશે.

**કલમ : ૨**

(૧) વ્યાખ્યા : સંદર્ભથી અન્ય રીતે આવશ્યક હોય તે સિવાય આ સંહિતામાં -

(એ)''અતિ ગંભીર શિશ્ન પ્રવેશાત્મક જાતીય હુમલો''નો અર્થ કલમ ૫ માં દર્શાવ્યા મુજબ થશે.

(બી)''અતિગંભીર જાતીય હુમલો'' નો અર્થ કલમ ૯ માં દર્શાવ્યા મુજબ થશે.

(સી)''શસસ્ત્ર દળ અથવા સલામતી દળ''નો અર્થ પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ કેન્દ્રિય સશસ્ત્ર દળ અથવા સલામતી દળ અથવા પોલીસદળ.

(ડી)''બાળક''નો અર્થ અઠાર વર્ષની નીચેની કોઈપણ વ્યક્તિ.

(ઈ)''ઘરેલું સંબંધ''નો અર્થ ઘરેલું હિંસાથી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો ૨૦૦૫ની કલમ ૨(ફ)માં કરવામાં આવી છે તે મુજબ કરવો.

(એફ)''શિશ્ન પ્રવેશાત્મક જાતીય હુમલો''નો અર્થ કલમ ૩ માં કરવામાં આવ્યો છે તે મુજબ કરવો.

(જી)''ઠરાવવું''નો અર્થ આ કાયદામાં ઠરાવવામાં આવેલ નિયમમો મુજબ અર્થઘટન કરવું.

(એચ)''ધાર્મિક સંસ્થા''નો અર્થ ધ રીલીઝીયસ ઇન્સ્ટીટયુશન (પ્રિવેન્શન ઓફ મીઝયુઝસ) એક્ટ ૧૯૮૮ મુજબ કરવો.

(આઈ)''જાતીય હુમલો''નો અર્થ કલમ ૭ માં દર્શાવ્યા મુજબ કરવો.

(જે)''જાતીય સતામણી''નો અર્થ કલમ ૧૧ માં દર્શાવ્યા છે તે મુજબ કરવો.

(કે)''સંયુક્ત ઘરવસવાટ''નો અર્થ જે વ્યક્તિ ઉપર ગુનો દાખલ થયેલ હોય તે વ્યક્તિ જ્યાં વસવાટ કરતી હોય તે અથવા અગાઉ ગમે ત્યારે બાળક સાથે ઘરેલું સંબંધથી વસવાટ કરેલ હોય.

(એલ)''ખાસ અદાલત'' એટલે આ કાયદાની કલમ ૨૮ હેઠળ મુકરર કરેલ અદાલત.

(એમ)''ખાસ સરકારી વકીલ'' એટલે આ કાયદાની કલમ ૩૨ હેઠળ નિયુક્ત સરકારી વકીલ.

(૨) આ કાયદામાં શબ્દો અને શબ્દ પ્રયોગ કરવામાં આવેલ હોય પરંતુ તેની વ્યાખ્યા કરવામાં આવેલ ન હોય તો તેનું અર્થઘટન ભારતીય ફોજદારી ધારો, ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૭, ધ જુનેવાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) એક્ટ ૨૦૦૦ અને ધ ઇન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ ૨૦૦૦માં કરવામાં આવેલ વ્યાખ્યાઓ મુજબ ગણવું.

**પ્રકરણ - ૨**

**બાળકો સામેના જાતીય સતામણીના ગુનાઓ**

**અ. શિશ્ન પ્રવેશાત્મક જાતીય હુમલો અને તે માટે સજા.**

**કલમ : 3**

જે વ્યક્તિ ''લીંગ પ્રવેશ દ્વારા ઈજા પહોંચાડેલ છે'' તેવો



ગુનો કરેલ છે તેવું ગણાશે જો -

(એ)જો તે પુરૂષ પોતાની જનનેન્દ્રિય દ્વારા જાતે અથવા અન્ય વ્યક્તિ મારફતે, ગમે તેટલી માત્રામાં, બાળકના યોનીમાર્ગમાં, મુખમાં, મૂત્રમાર્ગમાં અથવા ગુદામાં લીગ પ્રવેશ કરે અથવા કરાવે,

(બી)તે શરીરનો ભાગ અથવા પોતાની જનનેન્દ્રિય સિવાયનો કોઈપણ પદાર્થ બાળકની યોનીમાર્ગમાં મૂત્રમાર્ગમાં, ગુદામાં ગમે તેટલી માત્રામાં નાખે અથવા અન્ય વ્યક્તિ મારફતે તેમ કરાવે, અથવા

(સી)તે બાળકના શરીરનો કોઈપણ ભાગ યોનીમાર્ગમાં, મૂત્રમાર્ગમાં, ગુદામાં અથવા શરીરના કોઈપણ ભાગમાં વેધાત્મક લીગ પ્રવેશ કરવાના અથવા અન્ય વ્યક્તિ મારફતે કરાવવાના ઈરાદે ચાલાકીથી લે.

(ડી)તે પોતાનું મુખ બાળકના શિશ્ન, યોની, ગુદા, મૂત્રમાર્ગને લગાડે અથવા અન્ય વ્યક્તિ મારફતે લગાવડાવે

**કલમ : ૪**

જે વ્યક્તિ લીગ પ્રવેશ દ્વારા ઇજા પહોંચાડે તે સાત વર્ષથી ઓછી નહીં અને આજીવન કેદની સજા તથા દંડને પાત્ર થશે.

**બ- ઉગ્ર રીતે સંભોગાત્મક જાતીય હુમલો અને તે માટે સજા**

**કલમ : ૫**

(એ) જે વ્યક્તિ પોલીસ ઓફીસર તરીકે હોય અને લીગ પ્રવેશ દ્વારા બાળકને ઇજા પહોંચાડવાનો ગુનો કરે તો -

(૧) પોલીસ સ્ટેશનની હદમાં અથવા જે પોલીસ



સ્ટેશનની જગ્યામાં તે ફરજ ઉપર હોય તેની મર્યાદામાં અથવા

(૨) કોઈપણ પોલીસથાણાની હદમાં કે તે પોલીસ સ્ટેશનની હદમાં હોય કે ન હોય કે જ્યાં તે પોલીસ અધિકારી તરીકે નિયુક્ત થયેલ હોય.

(૩) તેની ફરજ દરમિયાન અગર અન્ય સમયે અગર

(૪) કે જ્યાં આ વ્યક્તિ શસસ્ત્ર દળ અથવા સલામતી દળના સભ્ય તરીકે ઓળખાતો હોય.

(બી)જે વ્યક્તિ સશસ્ત્ર દળનો અથવા સલામતીદળનો સભ્ય હોય અને તે બાળક ઉપર શિશ્ન પ્રવેશાત્મક જાતિય હુમલો કરે,

(૧) તેને યુદ્ધ અથવા બંદોબસ્ત માટે તેને જે જગ્યાએ મુકવામાં આવેલ હોય તે વિસ્તારની હદમાં, અથવા

(૨) એવા કોઈપણ વિસ્તારમાં કે જે વિસ્તાર દળ અથવા સશસ્ત્ર દળના અંકુશમાં હોય અથવા

(૩) પોતાની ફરજો દરમિયાન અથવા અન્ય સમયે અથવા

(૪) એવી જગ્યા કે જે જગ્યાએ તે વ્યક્તિ સશસ્ત્ર દળ અથવા સલામતી દળના સભ્ય તરીકે ઓળખાતો હોય,

(સી)જે કોઈ વ્યક્તિ કે જે જાહેર સેવક હોય અને તે બાળક સાથે શિશ્ન પ્રવેશાત્મક જાતીય હુમલો કરે, અથવા

(ડી)જે કોઈ વ્યક્તિ સંચાલન સમિતીના અથવા જેલના, રીમાન્ડ હોમ, પ્રોટેકશન હોમ, ઓબ્જર્વેશન હોમ, અથવા કેદની અન્ય જગા ઉપર અથવા કોઈ પણ કાયદા મુજબ સંભાળ અને રક્ષણના હેતુથી તેનું સ્થાપન કરવામાં આવ્યું હોય કે જે સમયેતે લશ્કરીદળમાં હોય અને તે બાળક સાથે શિશ્ન પ્રવેશાત્મક જાતીય હુમલો કરે કે જે તે જેલમાં અથવા રીમાન્ડ હોમ, અથવા પ્રોટેકશન હોમ, અથવા ઓબ્જર્વેશન હોમ અથવા અન્ય કેદની કે સંભાળની કે રક્ષણની જગ્યામાં અથવા

(ઈ) જે કોઈ વ્યક્તિ સંચાલન અથવા હોસ્પિટલના સ્ટાફ તરીકે હોય કે તે જગ્યા સરકારી અગર તો ખાનગી હોય અને તે વ્યક્તિ, હોસ્પિટલમાં બાળક સાથે શિશ્ન પ્રવેશાત્મક જાતીય હુમલો કરે.

(એફ)જે કોઈ વ્યક્તિ શૈક્ષણિક સંસ્થા અથવા ધાર્મિક સંસ્થાના સંચાલન સમિતિના અથવા સંચાલન સમિતિની દેખરેખ હેઠળ હોય અને તે વ્યક્તિ



સંસ્થામાં બાળક ઉપર શિશ્ન પ્રવેશાત્મક જાતીય હુમલો કરે.

(જી) સામુહિક શિશ્ન પ્રવેશાત્મક જાતીય હુમલો

**સ્પષ્ટીકરણ : જ્યારે એક અગર તેથી વધુ વ્યક્તિઓ દ્વારા સામૂહિક એક સમાન ઈરાદાની પુષ્ટિમાં બાળક જાતીય હુમલાનો ભોગ બને ત્યારે આ તમામ પૈકીની દરેક વ્યક્તિઓ આ જોગવાઈના અર્થ મુજબ, સામૂહિક શિશ્ન પ્રવેશાત્મક જાતીય હુમલો કર્યો હોવાનું માનવામાં આવશે અને આવી દરેક વ્યક્તિએ જાતે તેવું કૃત્ય કર્યું હોય ત્યારે તેની જે જવાબદારી થાય તે મુજબની તમામની એકસરખી જવાબદારી રહેશે.**

(એચ)જે કોઈ વ્યક્તિ બાળક ઉપર ઘાતક હથિયાર, આગથી તપાવેલ પદાર્થ અથવા સડો કરે તેવા પદાર્થની શિશ્ન પ્રવેશાત્મક જાતિય હુમલો કરે અથવા

(આઈ)જે કોઈ વ્યક્તિ ગંભીર ઈજા પહોંચાડી અથવા શરીરને નુકશાન અને ઈજા થાય અથવા બાળકના જાતિય અંગોને નુકશાન પહોંચે તે રીતે શિશ્ન પ્રવેશાત્મક જાતિય હુમલો કરે અથવા

(જે)જે કોઈ વ્યક્તિ બાળક સાથે શિશ્ન પ્રવેશાત્મક જાતિય હુમલો કરે, કે જેથી -

(૧) બાળક શારીરિક રીતે અશક્તિમાન બને અથવા માનસીક રીતે મેન્ટલ હેલ્થ એક્ટ ૧૯૮૭ કલમ નં. ૨(બી)ની વ્યાખ્યા અનુસાર બિમાર થાય, અથવા બાળક તેના નિયમિત કાર્યો હંગામી અથવા તો કાયમી ધોરણે અદા કરવામાં પાંગળો બની જાય અથવા

(૨) સ્ત્રી બાળકના કિસ્સામાં, જાતીય હુમલાના કારણે બાળક ગર્ભધારણ કરે.

(૩) બાળક એઈડ્સ અગર અન્ય જીવલેણ રોગના ચેપનો હંગામી અગર તો કાયમી રીતે ભોગ બને, તેના રોજીદા કાર્યો કરવામાં બાળક અશક્તિમાન અગર માનસિક રીતે બિમાર થાય તો અથવા

(કે)જે કોઈ વ્યક્તિ બાળકની શારીરિક કે માનસીક અક્ષમતાનો લાભ લઈ તે બાળક સાથે શિશ્ન પ્રવેશાત્મક જાતીય હુમલો કરે અથવા

(એલ)જે કોઈ વ્યક્તિ બાળક સાથે એક કરતાં વધારે અથવા વારંવાર શિશ્ન પ્રવેશાત્મક જાતીય હુમલો કરે અથવા

(એમ)જે કોઈ વ્યક્તિ બાર વર્ષથી નીચેના બાળક સાથે શિશ્ન પ્રવેશાત્મક જાતિય હુમલો કરે અથવા

(એન)જે કોઈ વ્યક્તિ બાળક સાથે લોહીની સગાઈની રીતે અથવા દત્તક લીધેલ હોય અથવા લગ્નથી અથવા વાલીપણામાં હોય અથવા ઉછેરની કાળજી લેતી હોય અથવા તે બાળકના માતાપિતા સાથે ગૃહસ્થ સંબંધ હોય અથવા તે બાળક સાથે એક જ સંયુક્ત કુટુંબમાં વસવાટ કરતો હોય, અને તેની સાથે શિશ્ન પ્રવેશાત્મક જાતિય હુમલો કરે અથવા

(ઓ)જે કોઈ વ્યક્તિ બાળકને સંસ્થાના માલીક તરીકે, અથવા સંચાલન સમિતિ તરીકે, અથવા સ્ટાફ તરીકે સેવા આપતા હોય અને તેવી વ્યક્તિ બાળક સાથે શિશ્ન પ્રવેશાત્મક જાતિય હુમલો કરે અથવા

(પી)જે કોઈ વ્યક્તિ ટ્રસ્ટની નોકરીમાં અથવા હોદ્દામાં હોય અને તે વ્યક્તિ બાળક સાથે સંસ્થામાં અથવા બાળકના ઘરમાં અન્ય કોઈ પણ જગ્યાએ બાળક સાથે શિશ્ન પ્રવેશાત્મક જાતિય હુમલો કરે અથવા

(ક્યુ)જે કોઈ વ્યક્તિ બાળક સગર્ભા હોવાનું જાણવા છતાં શિશ્ન પ્રવેશાત્મક જાતિય હુમલો કરે અથવા

(આર)જે કોઈ વ્યક્તિ બાળક ઉપર શિશ્ન પ્રવેશાત્મક જાતિય હુમલો કરે અને તેનું ખૂન કરવાનો પ્રયત્ન કરે અથવા

(એસ)જે કોઈ વ્યક્તિ કોમી અથવા સાંપ્રદાયિક હિંસા દરમિયાન બાળક સાથે શિશ્ન પ્રવેશાત્મક જાતીય હુમલો કરે અથવા

(ટી)જે કોઈ વ્યક્તિ આ કાયદાની જોગવાઈઓ મુજબ અથવા સમયાંતરે અમલમાં હોય તેવા અન્ય કાયદાની જોગવાઈઓ મુજબ સજાને પાત્ર ઠરેલ હોય અને તે વ્યક્તિ બાળક સાથે શિશ્ન પ્રવેશાત્મક જાતિય હુમલો કરે અથવા



(યુ) જે કોઈ વ્યક્તિ બાળક સાથે શિશ્ન પ્રવેશાત્મક જાતીય હુમલો કરી બાળકને કપડાં ઉતરાવી અને જાહેરમાં નગ્ન પરેડ કરાવે,

**તો તે વ્યક્તિએ અતિ ગંભીર શિશ્ન પ્રવેશાત્મક જાતીય હુમલો કર્યો હોવાનું કહેવાશે.**

**કલમ : ૬**

જે કોઈ વ્યક્તિ અતિ ગંભીર રીતે શિશ્ન પ્રવેશાત્મક જાતીય હુમલો કરે તે દસ વર્ષથી ઓછી નહીં પરંતુ આજીવન કેદ સુધી લંબાવી શકાય તેવી કેદની સજા તથા દંડને પાત્ર ઠરશે.

**કલમ : ૭**

જો કોઈ વ્યક્તિ કામવાસના સંતોષવાના ઈરાદે કોઈ બાળકની યોની, શિશ્ન, ગુદા, અથવા સ્તનને અડકે અથવા બાળકને પોતાની યોની, શિશ્ન, ગુદા અથવા સ્તનને અડકવા જણાવે તો તેવી વ્યક્તિ અથવા અન્ય વ્યક્તિ અથવા અન્ય કૃત્ય કે જે કામવાસના સંતોષવાના ઈરાદે શારીરિક સંપર્ક ગુપ્તભાગોના પ્રવેશ સિવાય કરે તો તે વ્યક્તિએ જાતીય સતામણીનો ગુન્હો ગણાશે.

**કલમ : ૮**

જે વ્યક્તિ જાતીય સતામણીનો ગુનો કરે તેને પાંચ વર્ષ સુધીની પરંતુ ત્રણ વર્ષથી ઓછી નહીં તેટલી કેદની સજા તથા દંડને પાત્ર ઠરશે.

## ડ - ગંભીર જાતીય હુમલો અને તેના માટે સજા

**કલમ : ૯**

(એ) જે વ્યક્તિ પોલીસ ઓફિસર તરીકે હોય અને તે બાળક સાથે જાતીય સતામણીનો ગુન્હો કરે તો -



(૧) જો તે પોલીસ સ્ટેશનની હકુમતમાં અથવા જ્યાં તે પોલીસ અધિકારીની નિમણૂંક થયેલ હોય તે જગ્યામાં અથવા

(૨) અગર તો પોલીસથાણાની હદમાં અથવા તો એવી જગ્યા કે જે જગ્યાએ તેની નિમણૂંક થયેલ ન હોય

(૩) તેની ફરજ દરમિયાન અથવા તો અન્ય રીતે અથવા

(૪) એવી જગ્યાએ કે જે જગ્યાએ તે પોલીસ અધિકારી તરીકે ઓળખાતો હોય.

(બી)જે વ્યક્તિ સશસ્ત્ર દળ નો અથવા સલામતી દળનો સભ્ય હોય અને તે બાળક સાથે જાતીય સતામણીનો ગુનો કરે તો -

(૧) તે વ્યક્તિની જે યુધ્ધ માટેના વિસ્તારમાં ફરજ હોય તે વિસ્તારમાં અથવા

(૨) તેવા કોઈપણ વિસ્તારમાં કે જે વિસ્તાર સશસ્ત્ર અથવા સલામતી દળની હકુમતનો હોય અથવા

(૩) તેની ફરજ દરમિયાન અથવા બીજી રીતે અથવા

(૪) તે જે જગ્યાએ સશસ્ત્ર દળ અથવા સલામતી દળના સભ્ય તરીકે જાણીતો હોય અથવા ઓળખાતો હોય.

(સી)જાહેર નોકર તરીકે હોય તેવી વ્યક્તિએ બાળક સાથે જાતીય અત્યાચાર કરે અથવા

(ડી)જે કોઈ વ્યક્તિ વ્યવસ્થાપક સમિતિ અથવા જેલના કર્મચારીગણ, અથવા રીમાન્ડ હોમ અથવા પ્રોટેકશન હોમ, અથવા ઓબ્ઝર્વેશન હોમ, અથવા અન્ય કેદના સ્થળે, અથવા સંભાળ અને રક્ષણ કોઈપણ કાયદા હેઠળ સ્થાપિત, અથવા જે સમયે તે બાળક ઉપર બળપૂર્વક જાતીય હુમલો કરે અને તે આવી જેલમાં અથવા રીમાન્ડ હોમમાં, અથવા સંરક્ષણ હોમમાં અથવા ઓબ્ઝર્વેશન હોમમાં અથવા અન્ય કેદની જગ્યામાં અથવા સંભાળ અને રક્ષણની જગ્યામાં વસવાટ કરતો હોય અથવા

(ઈ)જે કોઈ વ્યક્તિ કે જે સરકારી અથવા ખાનગી હોસ્પિટલમાં સંચાલન સમિતિ કર્મચારીગણ તરીકે હોય અને તે વ્યક્તિ તે હોસ્પિટલમાં બાળક ઉપર જાતીય હુમલો કરે અથવા

(એફ)જે કોઈ વ્યક્તિ શૈક્ષણિક સંસ્થા અથવા ધાર્મિક સંસ્થાના સંચાલન સમિતિમાં અથવા કર્મચારી તરીકે હોય અને તે વ્યક્તિ તે સંસ્થામાં બાળક ઉપર જાતીય હુમલો કરે અથવા

(જી)જે, કોઈ વ્યક્તિ બાળક ઉપર સામૂહિક જાતીય હુમલો કરે.



**સ્પષ્ટીકરણ :**

**જ્યારે એક અગર તેથી વધુ વ્યક્તિઓ દ્વારા સામૂહિક એક સમાન ઈરાદાની પુષ્ટિમાં બાળક જાતીય હુમલાનો ભોગ બને ત્યારે આ તમામ પૈકીની દરેક વ્યક્તિએ આ જોગવાઈના અર્થ મુજબ, સામૂહિક શિશ્ન પ્રવેશાત્મક જાતીય હુમલો કર્યો હોવાનું માનવામાં આવશે અને આવી દરેક વ્યક્તિએ જાતે તેવું કૃત્ય કર્યું હોય ત્યારે તેની જે જવાબદારી થાય તે મુજબની તમામની એકસરખી જવાબદારી રહેશે.**

(એચ)જે કોઈ વ્યક્તિ બાળક ઉપર ઘાતક હથિયાર, આગથી તપાવેલ પદાર્થ અથવા સડો કરે તેવા પદાર્થથી જાતીય હુમલો કરે અથવા

(આઈ)જે કોઈ વ્યક્તિ ગંભીર ઈજા પહોંચાડી અથવા શરીરને નુકસાન અને ઈજા થાય અથવા બાળકના જાતિય અંગોને નુકસાન પહોંચે તે રીતે જાતિય હુમલો કરે અથવા,

(જે)જે કોઈ વ્યક્તિ બાળક ઉપર જાતીય હુમલો કરે, કે જે -

(૧) બાળક શારીરિક રીતે અશક્તિમાન બને અથવા માનસિક રીતે મેન્ટલ હેલ્થ એક્ટ ૧૯૮૭ કલમ નં. ૨ (બી)ની વ્યાખ્યા અનુસાર બિમાર થાય, અથવા બાળક તેના નિયમિત કાર્યો હંગામી અથવા તો કાયમી ધોરણે અદા કરવામાં પાંગળો બની જાય અથવા

(૨) બાળક એઈડ્સ અગર અન્ય જીવલેણ રોગ યા ચેપનો હંગામી અગર તો કાયમી રીતે ભોગ બને, તેના રોજીંદા કાર્યો કરવામાં બાળક અશક્તિમાન અગર માનસિક રીતે બિમાર થાય તો અથવા

(કે)જે કોઈ વ્યક્તિ બાળકની શારીરિક કે માનસિક અક્ષમતાનો લાભ લઈ તે બાળક સાથે શિશ્ન પ્રવેશાત્મક જાતિય હુમલો કરે અથવા

(એલ)જે કોઈ વ્યક્તિ બાળક સાથે એક કરતાં વધારે અથવા વારંવાર જાતિય હુમલો કરે અથવા

(એમ)જે કોઈ વ્યક્તિ બાર વર્ષથી નીચેના બાળક સાથે જાતિય હુમલો કરે અથવા,

(એન)જે કોઈ વ્યક્તિ બાળક સાથે લોહીની સગાઈની રીતે અથવા દત્તક લીધેલ હોય અથવા લગ્નથી વાલીપણામાં હોય અથવા ઉછેરની કાળજી લેતી હોય અથવા તે બાળકના માતાપિતા સાથે ગૃહસ્થ સંબંધ હોય અથવા તે બાળક સાથે એક જ સંયુક્ત કુટુંબમાં વસવાટ કરતા હોય, અને તેની સાથે જાતિય હુમલો કરે અથવા

(ઓ)જે કોઈ વ્યક્તિ બાળકને સંસ્થાના માલિક તરીકે, અથવા સંચાલન સમિતિ તરીકે, અથવા સ્ટાફ તરીકે સેવા આપતા હોય અને તેવી વ્યક્તિ બાળક સાથે જાતિય હુમલો કરે અથવા

(પી)જે કોઈ વ્યક્તિ ટ્રસ્ટની નોકરીમાં અથવા હોદ્દામાં હોય અને તે વ્યક્તિ બાળક સાથે સંસ્થામાં અથવા બાળકના ઘરમાં અન્ય કોઈ પણ જગ્યાએ બાળક સાથે શિશ્ન પ્રવેશાત્મક જાતીય હુમલો કરે અથવા

(ક્યુ)જે કોઈ વ્યક્તિ બાળક સગર્ભા હોવાનું જાણવા છતાં બાળક સાથે જાતીય હુમલો કરે અથવા

(આર)જે કોઈ વ્યક્તિ બાળક ઉપર જાતીય હુમલો અને તેનું ખૂન કરવાનો પ્રયત્ન કરે અથવા

(એસ)જે કોઈ વ્યક્તિ કોમી અથવા સાંપ્રદાયિક હિંસા દરમિયાન બાળક સાથે જાતીય હુમલો કરે અથવા

(ટી)જે કોઈ વ્યક્તિ આ કાયદાની જોગવાઈઓ મુજબ અથવા સમયાંતરે અમલમાં હોય તેવા અન્ય કાયદાની જોગવાઈઓ મુજબ સજાને પાત્ર ઠરેલ હોય અને તે વ્યક્તિ બાળક સાથે જાતીય હુમલો કરે અથવા

(યુ)જે કોઈ વ્યક્તિ બાળક સાથે શિશ્ન પ્રવેશાત્મક જાતીય હુમલો કરી બાળકને કપડાં ઉતરાવી અને જાહેરમાં નગ્ન પરેડ કરાવે,

**તો તે વ્યક્તિએ અતિગંભીર જાતિય હુમલો કર્યો હોવાનું કહેવાશે.**



**કલમ : ૧૦**

જે કોઈ વ્યક્તિ અતિગંભીર રીતે જાતીય હુમલો કરે પાંચ વર્ષથી ઓછી નહીં પરંતુ સાત વર્ષ સુધી લંબાવી શકાય તેવી કેદની સજા તથા દંડને પાત્ર ઠરશે.

**ઈ - જાતીય સતામણી અને તેના માટેની સજા**

**કલમ : ૧૧**

કોઈ વ્યક્તિએ બાળક સાથે જાતીય સતામણીનો ગુન્હો કરેલાનું ગણાશે જો તે વ્યક્તિ જાતીય સંબંધ બાંધવાના ઈરાદે -

(૧) કોઈ શબ્દનું ઉચ્ચારણ કરે અથવા કોઈ અવાજ કરે, અથવા કોઈ ઇશારો કરે કોઈ પદાર્થ અથવા શરીરનો કોઈ ભાગ જાહેરમાં બતાવે કે જેથી આ શબ્દ અથવા અવાજ સંભળાય તેવો તેનો ઇરાદો હોય, અથવા આ ઈરાદો અથવા પદાર્થ અથવા શરીરનો કોઈ ભાગ બાળક દ્વારા જોઈ શકાય અથવા

(૨) બાળકને પોતાના શરીરનું અથવા શરીરના કોઈ ભાગને પોતે અથવા કોઈ પણ વ્યક્તિ દ્વારા જોઈ શકાય તે રીતે પ્રદર્શિત કરવા ફરજ પાડે, અથવા

(૩) કોઈ પદાર્થ વિજ્ઞાપનના માધ્યમ દ્વારા અશ્લિલતાના ઈરાદે બાળકને બતાવે અથવા,

(૪) વારંવાર અથવા સતત પીછો કરી અથવા જોયા કરે અથવા સીધી રીતે અથવા ઇલેક્ટ્રોનીક ઉપકરણો દ્વારા કે અન્ય સાધનો દ્વારા બાળકનો સંપર્ક કરે અથવા,

(૫) ડરાવી ધમકાવીને વિજ્ઞાપન ઉપકરણમાં ઉપયોગ કરવા કોઈ પણ માધ્યમ દ્વારા વાસ્તવિક અથવા ઉપજાવી કાઢેલ ચિત્ર કે શબ્દોમાં અથવા આંકડાકીય અથવા અન્ય કોઈપણ રીત દ્વારા બાળકના શરીરનો કોઈપણ ભાગ અથવા જાતીય કૃત્યમાં બાળકનો સમાવિષ્ટ કરે અથવા,



(૬) અશ્લિલ ચિત્ર માટે બાળકને લલચાવે અથવા કે જેના પરિણામે આનંદ આપે.

**સ્પષ્ટીકરણ : કોઈ પણ પ્રશ્ન ''જાતીય ઈરાદામાં'' સમાયેલો છે એ હકીકતનો પ્રશ્ન રહેશે.**

**કલમ : ૧૨**

જે કોઈ વ્યક્તિ બાળક સાથે જાતીય કૃત્ય કરે તેને ત્રણ વર્ષ સુધીની કેદની સજા તથા દંડને પાત્ર ઠરશે.

**પ્રકરણ - ૩**

**અશ્લિલ સાહિત્યના હેતુ માટે બાળકનો ઉપયોગ કરવો અને તે માટે શિક્ષા**

**કલમ : ૧૩**

જે કોઈ વ્યક્તિ પ્રચાર અને પ્રસારણના કોઈપણ માધ્યમ દ્વારા (કાર્યક્રમ અને જાહેરાતના ટેલીવીઝન પ્રસારણના માધ્યમ દ્વારા અથવા ઇન્ટરનેટ અથવા અન્ય ઇલેક્ટ્રોનીક માધ્યમ દ્વારા અથવા મુદ્રિત માધ્યમ દ્વારા આ કાર્યક્રમ અથવા જાહેરાત પોતાના અંગત હેતુ માટે અથવા વિતરણના હેતુ માટે હોય કે ન હોય) જાતીય આનંદ આપવાના હેતુ માટે બાળકનો ઉપયોગ કરે, કે જેનો સમાવેશ

(અ)બાળકના જાતીય અંગેનો કૃતિમાં ઉતારવા

(બ)બાળકનો જાતીય કૃત્યોના પ્રત્યક્ષ રીતે પાત્ર ભજવવા માટે અથવા અન્ય પાત્રનો વેષધારણ કરાવડાવે (જે શિશ્ન પ્રવેશ સાથે અથવા સિવાય),

(ક)બાળકને અશ્લિલ અથવા બિભત્સ રીતે કૃતિમાં ઉતારે,

**તો બાળકનો અશ્લિલ સાહિત્યના હેતુ માટે ઉપયોગ કરવા અંગેનો ગુનો કર્યાનું ગણાશે.**

**સ્પષ્ટીકરણ : આ કલમના હેતુ માટે ''બાળકનો ઉપયોગ'' નો અર્થ બાળકને કોઈપણ માધ્યમ દ્વારા જેવાં કે મુદ્રિત, ઇલેક્ટ્રોનીક, કમ્પ્યૂટર અથવા અન્ય કોઈપણ પ્રક્રિયા પધ્ધતિ દ્વારા તૈયાર કરવું, રજૂ કરવું, આહુતિ આપવી, પ્રસારિત કરવું, ફેલાવો કરવા અશ્લિલ સાહિત્યનું વિતરણ કરવું, તેવો થશે.**



**કલમ : ૧૪**

(૧) જે કોઈ વ્યક્તિ અશ્લિલ સાહિત્ય માટે બાળક અથવા બાળકોનો ઉપયોગ કરે તેને પાંચ વર્ષ સુધીની સજા અને દંડને પાત્ર ઠરશે અને બીજી વખત આવા પ્રકારનો ગુનો કરે તો સાત વર્ષ સુધીની બંનેમાંથી કોઈ પ્રકારની કેદની સજા અને દંડને પાત્ર ઠરશે.

(૨) જો કોઈ બાળકનો અશ્લિલ સાહિત્ય માટે સીધે સીધું અશ્લિલતા પ્રદર્ષિત કરવા ના પાત્ર માટેના ઉપયોગ કરવા બદલ નો કલમ ૩ માં દર્શાવ્યા મુજબનો ગુન્હો કરે તો તે દસ વર્ષથી ઓછી નહીં તેમજ આજીવન કેદ બંનેમાંથી કોઈપણ પ્રકારની કેદની સજા તથા દંડને પાત્ર ઠરશે.

(૩) જો વ્યક્તિ બાળકનો અશ્લિલ સાહિત્ય માટે સીધેસીધુ અશ્લિલતા પ્રદર્ષિત કરવાના પાત્ર માટે ના ઉપયોગ કરવા બદલ નો કલમ ૫ માં દર્શાવ્યા મુજબનો ગુન્હો કરે તો તે આજીવન કેદ સુધીની સખત કેદની સજા તથા દંડને પાત્ર ઠરશે.

(૪) જો કોઈ વ્યક્તિ બાળકનો અશ્લિલ સાહિત્ય માટે સીધેસીધુ અશ્લિલતા પ્રદર્ષિત કરવા ના પાત્ર માટે ના ઉપયોગ કરવા બદલનો કલમ ૭માં દર્શાવ્યા મુજબનો ગુન્હો કરે તો તે છ વર્ષથી ઓછી નહીં તેમજ આઠ વર્ષ સુધીની બંનેમાંથી કોઈપણ પ્રકારની કેદની સજા તથા દંડને પાત્ર ઠરશે.

(૫) જો કોઈ વ્યક્તિ બાળકનો અશ્લિલ સાહિત્ય માટે સીધેસીધુ અશ્લિલતા પ્રદર્ષિત કરવા ના પાત્ર માટે ના ઉપયોગ કરવા બદલનો કલમ ૯ માં દર્શાવ્યા મુજબનો ગુન્હો કરે તો તે આઠ વર્ષથી ઓછી નહીં તેમજ દસ વર્ષ સુધીની બંનેમાંથી કોઈપણ પ્રકારની કેદની સજા તથા દંડને પાત્ર ઠરશે.

**કલમ : ૧૫**

કોઈપણ વ્યક્તિ બાળકનો સમાવિષ્ટ થયેલ હોય તેવું અશ્લિલ સાહિત્યનો વેપાર કરવાના હેતુથી કોઈપણ પ્રકારે સંગ્રહ કરે તો તે ત્રણ વર્ષ સુધીની બંનેમાંથી કોઈપણ પ્રકારની કેદની સજા તથા દંડને પાત્ર ઠરશે.

**પ્રકરણ - ૪**

**ગુનો કરવામાં મદદગારી કરવી તથા ગુનો કરવાનો પ્રયત્ન કરવો**

**કલમ : ૧૬**

કોઈ વ્યક્તિ ગુનો કરવામાં મદદગારી કરે, કે જે વ્યક્તિ

૧. કોઈ વ્યક્તિને અગાઉ નિર્દેષ કરેલ છે તે મુજબનો ગુનો કરવા માટે ઉશ્કેરે અથવા પ્રેરે અથવા

૨. કોઈ એક વ્યક્તિ કે અન્ય વ્યક્તિ કે વ્યક્તિઓને કોઈપણ પ્રકારના કાવતરા માટે અગાઉ નિર્દેષ કરેલ છે તે મુજબનો ગુનો કરવા માટે રોકે, અને જો તે કાવતરા મુજબનું ગેરકાયદેસર કામ પાર પડે અથવા છોડી દેવામાં આવે, અને અગાઉ નિર્દેષ કર્યા મુજબનો ગુનો કરવા નિર્દેષ આપે અથવા

૩. અગાઉ નિર્દેષ કર્યા મુજબનો ગુનો કરવા માટે અથવા ગેરકાયદેસર રીતે છોડી દેવા માટે ઇરાદાપૂર્વક મદદ કરે.

**સ્પષ્ટીકરણ : ૧ જે વ્યક્તિ જે ઈરાદાપૂર્વકની ખોટી માહિતી આધારે, અથવા ઈરાદાપૂર્વકની છુપાવેલ મહત્ત્વની હકીકતો આધારે કે જે હકીકતો તે જાહેર કરવા બંધાયેલ હોય છતાં, સ્વેચ્છાપૂર્વક નિમિત્ત કારણ બને, અથવા મેળવી આપે અથવા હેતુ માટે પ્રયત્ન કરે, અથવા બીજા મારફતે સામાજીક દ્રષ્ટિએ સ્વીકાર્ય હોય તેવી વસ્તુ મેળવી આપવા માટે કરે તો તેણે અગાઉ નિર્દેષ કર્યા મુજબ પ્રેરવા કે ઉશ્કેરવા માટેનો ગુનો કર્યાનું કહેવાશે.**

**સ્પષ્ટીકરણ : ૨ જે વ્યક્તિ અગાઉ નિર્દેષ કરેલ**



**ગુનો કરવાનું કાર્ય પાર પડે તે સમયે અગર તે અગાઉ ક્રમ બધ્ધ રીતે ગુનો પાર પડે તે માટે કાર્ય પાર પડે તે માટે આગળ વધવામાં મદદ કરે અને એ રીતે ગુનો પાર પડે તેમજ એ પ્રમાણે આગળ વધવામાં મદદ કરે અને ગુનો બને તો તે વ્યક્તિએ ઉપર નિર્દેષ કર્યા મુજબના ગુનામાં મદદગારી કરી છે તેવું ગણાશે.**

**સ્પષ્ટીકરણ : ૩ જો કોઈ વ્યક્તિ પોતાના હોદ્દાનો દૂરઉપયોગ કરી અથવા પોતાના પદનો દૂરઉપયોગ કરી બળજબરીથી, અપહરણ કરી, છેતરપિંડી કરી, ઠગાઈ કરી, પૈસા આપી અથવા સ્વીકારી બાળકનો ઉપયોગ કરે અથવા રાખે અથવા સ્વીકારે અથવા બાળકની હેરફેર કરે અથવા લાભ મેળવવા માટે જે વ્યક્તિનો કાબુ અન્ય વ્યક્તિ પાસે હોય તેને પ્રાપ્ત કરે અથવા સંમતિ મેળવે તો આ કાયદાની જોગવાઈઓ મુજબના કોઈપણ ગુનાના હેતુ માટે અગાઉ નિર્દેષ કરેલ છે તે મુજબ મદદગારીનો ગુનો કર્યાનું ગણાશે.**

**કલમ : ૧૭**

જે કોઈ વ્યક્તિ કાયદાના કોઈ પણ ગુનામાં ગુનેગારને મદદ કરે અને જો આ ગુનો એ નિર્ધારીત ચોક્કસ મદદગારીના પરિણામે હોય તો તેને અગાઉ નિર્દેષ કરેલ જે તે ગુનાની દર્શાવેલ સજા મુજબ સજા થશે.

**સ્પષ્ટીકરણ : આ કાયદા મુજબનું કોઈ કૃત્ય**



**અથવા ગુનો એ મદદગારીના પરિણામ સ્વરૂપે હોય અથવા તે કોઇની દુષ્પ્રેરણાથી કરવામાં આવે અથવા કાવતરાને લીધે પાર પડે અથવા મદદગારીને લીધે પાર પડે તો તેમાં મદદગારી એ આવશ્યક તત્ત્વ છે.**

**કલમ : ૧૮**

જે કોઈ વ્યક્તિ આ કાયદામાં શિક્ષાને પાત્ર હોય તેવા કોઈ પણ ગુનાનો પ્રયત્ન કરે અથવા જેના કારણે નિર્ધારિત ગુનો કરે તો આ પ્રયત્નથી તે દિશામાં પોતાનો સોંપવાથી તે કૃત્યથી જે ગુનો થાય તો તેને તે ગુના માટે આજીવન કેદના કિસ્સામાં અડધી અથવા જે તે ગુનાની સજા હોય તેનાથી અડધી સજા તથા દંડ અથવા બંનેને પાત્ર ઠરશે.

## પ્રકરણ - ૫

## ગુનાનો અહેવાલ તથા તે માટે પ્રક્રિયા

**કલમ : ૧૯**

(૧) ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩માં ગમે તે ઠરાવ્યું હોવા છતાં જો કોઈ વ્યક્તિ (બાળક સહિત), આ કાયદામાં અગાઉ નિર્દેષ કર્યા મુજબનો ગુનો કર્યાનું માનવામાં આવે અથવા તે ગુનાનું પોતાને જ્ઞાન હોવાનું માનવામાં આવે તો તેણે એવી માહિતી

(અ) ખાસ બાળ પોલીસ દળને, અથવા

(બ) સ્થાનિક પોલીસને આપવાની રહેશે.

(૨) પેટા કલમ -૧ મુજબનો દરેક અહેવાલ એ રીતે આપવામાં આવશે કે,

(અ) તેને લેખીતમાં નોંધી લેવી તથા તેમાં દાખલ નંબર આપવો.

(બ) તે ખબર આપનારને વાંચી સંભળાવવો જોઈશે.

(ક) તેને પોલીસ દળ દ્વારા નિભાવવામાં આવતી બુકમાં નોંધી લેવી જોઈશે.

(૩) પેટા કલમ - ૧માં જણાવ્યા મુજબની ખબર જો બાળક દ્વારા આપવામાં આવે તો તે માહિતી પેટા કલમ - ૨માં દર્શાવ્યા મુજબ તે બાળકને સંતોષ થાય અને સમજી શકે તેવી સરળ ભાષામાં નોંધી લેવી.

(૪) જો ક્યારેક જે માહિતી નોંધવામાં આવી હોય અને તે ભાષા જે તે બાળક સમજી શકતું ન હોય અથવા



કે જે વ્યક્તિ ને દુભાષિઓ અથવા અર્થઘટનકાર જરૂરી છે એવું જરૂરી જણાય તો જે વ્યકિત આ અંગેની લાયકાત તથા અનુભવ ધરાવતો હોય એને દર્શાવ્યા મુજબની ફી ચૂકવી તેની સેવા પુરી પાડવાની રહેશે.

(૫) જ્યાં ખાસ બાળ ગુનેગાર પોલીસ દળ અથવા સ્થાનિક પોલીસને એવી ખાતરી થાય કે જે બાળક ગુનાનો ભોગ બનેલ છે તેને સંભાળ અને સુરક્ષા જરૂરી છે તો તે અંગેના લેખીત કારણોની નોંધ કરી માહિતીની નોંધ થયેથી ચોવીસ કલાકની અંદર અથવા નક્કી કરેલ સમય મર્યાદામાં (બાળકને બાળ સુરક્ષા કેન્દ્રમાં અથવા નજીકની હોસ્પિટલમાં દાખલ કરવા માટે) આ અંગેની તાત્કાલિક વ્યવસ્થા કરવાની રહેશે.

(૬) ખાસ બાળ ગુનેગાર પોલીસ દળ અથવા સ્થાનિક પોલીસ કોઈપણ જાતનો બિનજરૂરી વિલંબ કર્યા વિના પરંતુ ચોવીસ કલાકની અંદર આ અંગેનો બાળ કલ્યાણ સમિતિને અહેવાલ આપશે અને ખાસ અદાલત તેમજ જ્યાં ખાસ અદાલતની નિમણૂંક થયેલ ન હોય તેવા કિસ્સામાં સેસન્સ અદાલત બાળકની જરૂરીયાત તથા સંભાળ અને સુરક્ષા અંગેના તમામ પગલાં લેશે.

(૭) પેટા કલમ - ૧ માં દર્શાવ્યા અનુસાર શુધ્ધ બુધ્ધિથી કોઇના હિતમાં માહિતી આપનાર વ્યક્તિની સિવિલ કે ક્રીમીનલ પ્રકારની કોઈપણ જવાબદારી થશે નહીં.

**કલમ : ૨૦**

માધ્યમ માત્રા (મીડીયા) અથવા હોટેલ અથવા લોજ અથવા હોસ્પિટલ અથવા કલબ અથવા સ્ટુડીયો અથવા ફોટોગ્રાફીની વ્યવસ્થા હોઈ તેવી કોઈપણ સંસ્થા જે કોઈ નામથી ઓળખાતી હોય અને તેમાં કામ કરતા કામદારોની સંખ્યા ધ્યાનમાં રાખ્યા સિવાય તેઓની પાસે આવતું અને એક તરફથી બીજી તરફ જતું કોઈ પણ સાહિત્ય કે કોઈ પણ વસ્તુ કે જેથી બાળકનું જાતીય શોષણ (અશ્લિલ, જાતીય સંબંધી અથવા બાળક અથવા બાળકોને અશ્લિલ હોય તેવું દર્શાવે તે રીતે) કોઈપણ માધ્યમ દ્વારા થાય તો જે પ્રકારનો ગુનો હોય તે પ્રમાણે બાળ ગુનેગાર પોલીસ ને અથવા સ્થાનિક પોલીસને આ બાબતની જાણ કરવાની રહેશે.

**કલમ : ૨૧**

(૧) જે કોઈ વ્યક્તિ કલમ ૧૯ની પેટા કલમ ૧ અથવા કલમ ૨૦ મુજબ ગુનાની માહિતી આપવામાં નિષ્ફળતા દાખવે તથા કલમ ૧૯ ની પેટા કલમ ૨ મુજબ અથવા ગુનાની નોંધણી કરવામાં નિષ્ફળતા દાખવે તેનો કોઈપણ પ્રકારની છ માસ સુધીની કેદની સજા અથવા દંડ અથવા બંનેને પાત્ર ઠરશે.

(૨) જે કોઈ વ્યક્તિ કોઈ કંપની કે સંસ્થાના સંચાલક તરીકે હોય (તે કોઈ પણ નામ દ્વારા ઓળખાતી હોય) અને તે કલમ ૧૯ની પેટા કલમ ૧ માં દર્શાવ્યા મુજબ તેના હાથ નીચે કામ કરતા વ્યક્તિઓની બાબતમાં કોઈ ગુનાની માહિતી આપવામાં નિષ્ફળતા દાખવે તો તેને એક વર્ષ સુધીની સજા અથવા દંડને પાત્ર ઠરશે.

(૩) પેટા કલમ ૧ આ કાયદા પ્રમાણે બાળકના કિસ્સામાં લાગુ પડશે નહીં.

**કલમ : ૨૨**

(૧) જો કોઈ વ્યક્તિ કોઈ વ્યક્તિ વિરૂદ્ધ કલમ ૩, ૫, ૭ તથા કલમ ૯ મુજબના ગુનાની બદઈરાદાપૂર્વક હલકુ પાડવાના ઈરાદે અથવા ડરાવી ધમકાવી બળજબરીથી પૈસા પડાવવાના ઈરાદે અથવા તેને બદનામ કરવાના ઈરાદે ખોટી ફરિયાદ અથવા ખોટી માહિતી આપે તો તેને ૭ માસ સુધીની કેદની સજા અથવા દંડ અથવા બંનેને પાત્ર ઠરશે.

(૨) જો કોઈ બાળક દ્વારા ખોટી ફરિયાદ અથવા તો ખોટી માહિતી આપવામાં આવે તો તે બાળકને કોઈ



શિક્ષા થઈ શકશે નહીં.

(૩) જો કોઈ વ્યક્તિ બાળક ન હોય અને બાળક સામે ખોટું હોવાનું જાણવા છતાં આ કાયદાની જોગવાઈઓ મુજબ બાળક ગુનેગાર ઠરે એ રીતે ખોટી ફરિયાદ આપે અથવા ખોટી માહિતી આપે તો તે એક વર્ષ સુધીની કેદની સજા અથવા દંડ અથવા બંનેને પાત્ર ઠરશે.

**કલમ : ૨૩**

(૧) કોઈ પણ વ્યક્તિ મીડીયા અથવા સ્ટુડીયો અથવા ફોટોગ્રાફી પધ્ધતિ દ્વારા પોતાને સંપૂર્ણ અને ચોક્કસ માહિતી હોય તે સિવાય તેના ઉપર કોઈપણ અહેવાલ કે ટીપ્પણી કરી શકશે નહીં કે જેથી તે બાળકની પ્રતિષ્ઠાને હાની પહોંચે અથવા ગુપ્તતાનો ભંગ થાય.

(૨) બાળકની ઓળખ તેના નામ,સરનામું, ફોટો, કુટુંબની વિગત, શાળા,પડોશી, અથવા અન્ય વિગતો સહિત કે જેથી બાળકની ઓળખ છતી થાય તેવો કોઈપણ અહેવાલ કોઈપણ મીડિયા દ્વારા પ્રસિદ્ધ થઈ શકશે નહીં.

જો કોઈ ખાસ અદાલત અથવા આ કાયદા મુજબની કાર્યવાહી કરવા સક્ષમ અદાલત બાળકના હિતમાં આવી ઓળખ છતી કરવા લેખીત કારણો સાથે પરવાનગી આપી શકશે.

(૩) પ્રકાશક અથવા મીડિયા અથવા સ્ટુડીયો અથવા ફોટોગ્રાફી સલવત ના માલીક પોતાના કામદારના કૃત્યની ઉપેક્ષા કરવા બદલ સંયુક્ત તેમજ જુદી જુદી રીતે જવાબદાર રહેશે.



(૪) જો કોઈ વ્યક્તિ પેટા કલમ - ૧ તથા પેટા કલમ - ૨ ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરશે તો તે બંને માંથી કોઈપણ પ્રકારની છ માસથી ઓછી નહીં અને એક વર્ષ સુધીની સજા તથા દંડ તથા બંનેને પાત્ર ઠરશે.

**પ્રકરણ : ૬**

## બાળકનું નિવેદન લેવા માટેની પધ્ધતિ

**કલમ : ૨૪**

(૧) બાળકનું નિવેદન બાળકના રહેણાંકના સ્થળે અથવા સામાન્ય રીતે બાળક જ્યાં રહેતું હોય તે જગ્યાએ અથવા બાળકની પસંદગીના સ્થળે અને સામાન્ય રીતે સબ ઇન્સ્પેક્ટરથી નીચેના દરજ્જાના હોય તેવા પોલીસ અધિકારી જઈ શકે તેવી જગ્યાએ લેવું.

(૨) પોલીસ અધિકારી જે સમયે બાળકનું નિવેદન લેતા હોય તે સમયે તેઓ વર્દીમાં હોવા જોઈએ નહીં.

(૩) જે પોલીસ અધિકારી તપાસ કરતા હોય તેઓ જ્યારે બાળકની તપાસ કરતા હોય તે વખતે તેઓએ એ વાતનું ધ્યાન રાખવાનું રહેશે કે જેથી બાળક કોઈપણ રીતે આરોપીના સંપર્કમાં ન આવે.

(૪) કોઈપણ કારણસર કોઈ બાળકને રાત્રિ દરમિયાન પોલીસ સ્ટેશનમાં અટકાયતમાં રાખી શકાશે નહીં.

(૫) પોલીસ અધિકારીએ ખાસ અદાલતે બાળકના હિત ખાતર સુચના આપેલ હોય તે સિવાય જાહેર મીડીયાથી બાળકની ઓળખ ન થાય તેની કાળજી રાખવાની રહેશે.

**કલમ : ૨૫**

(૧) જો ક્રિમીનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ (હવે પછીથી તેનો કોડ તરીકે ઉલ્લેખ કરવામાં આવશે)ની કલમ ૧૬૪ મુજબ બાળકનું નિવેદન લેવામાં આવે અને જે મેજીસ્ટ્રેટ આ નિવેદન લેતા હોય અને તેમાં કોઈ હકીકતનો સમાવેશ કરવામાં આવે તેમ છતાં બાળક જે શબ્દો બોલે તે જ શબ્દોમાં તેનું નિવેદન લેવાનું રહેશે.

કોડની કલમ ૧૬૪ પેટા કલમ - ૧ માં જે પ્રોવીઝનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે મુજબ આરોપી વકીલ હાજર રહી શકશે તે આ કિસ્સામાં લાગુ પડશે નહીં.

(૨) મેજીસ્ટ્રેટે બાળકને અને તેના માતાપિતાને અથવા તેના પ્રતિનિધિને કોડની કલમ ૨૦૭માં જોગવાઈ



કરેલ છે તે મુજબ પોલીસ દ્વારા કોડની કલમ ૧૭૩ મુજબ ચાર્ટશીટ થયેથી તેના દસ્તાવેજોની નકલ પુરી પાડવાની રહેશે.

**કલમ : ૨૬**

(૧) મેજીસ્ટ્રેટ અથવા પોલીસ અધિકારીએ જે પ્રમાણે કેસ હોય તે મુજબ બાળકનું નિવેદન બાળકના માતાપિતાની હાજરીમાં અથવા બાળકને જેના ઉપર વિશ્વાસ અને ભરોસો હોય તેની હાજરીમાં બાળક બોલે તે રીતે લેવાનું રહેશે.

(૨) જરૂરી જણાય ત્યારે મેજીસ્ટ્રેટ અથવા પોલીસ અધિકારી જે મુજબ કેસ હોય તે પ્રમાણે ભાષાંતર અથવા દુભાષીયાની કે જેને તે પ્રકારની લાયકાત અને અનુભવ હોય તેને નક્કી કર્યા મુજબની ફી ચુકવી બાળકનું નિવેદન લેતી વખતે મદદ લઈ શકશે.

(૩) મેજીસ્ટ્રેટ અથવા પોલીસ અધિકારી જે મુજબ કેસ હોય તે પ્રમાણે માનસિક કે શારીરિક રીતે વિકલાગ હોય તેવા બારળકના કિસ્સામાં ખાસ તાલીમ આપનાર અથવા કોઈપણ પરિચિત વ્યક્તિ કે જે બાળકની વાતનું આદાનપ્રદાન કરી શકે અથવા તે ક્ષેત્રમાં નિપુણ હોય જેને આ અંગેની લાયકાત અને અનુભવ હોય તેને નિયત કરેલી ફીની ચુકવણી કરી તેવી વ્યક્તિઓની મદદથી બાળકનું નિવેદન લઈ શકશે.

(૪) મેજીસ્ટ્રેટ અથવા પોલીસ અધિકારી જે કેસ હોય તે પ્રમાણે જે જગ્યાએ શક્ય હોય તે જગ્યાએ બાળકનું નિવેદન ઓડીયો-વિડીયો ઉપકરણોની મદદથી પણ રેકોર્ડ થાય તે રીતે લેવાનું રહેશે.

**કલમ : ૨૭**

(૧) બાળકની તબીબી તપાસ આ કાયદાની જોગવાઈઓ મુજબ જે બાળક ઉપર ગુનો થયેલ હોય તેવા કિસ્સામાં પ્રથમ બાતમી અહેવાલ (એફ.આઈ.આર.) અથવા ફરીયાદ નોંધાઇ ન હોવા છતાં ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૧૯૭૩ની કલમ ૧૬૪ (અ) મુજબ થઈ શકશે.

(૨) જો ભોગ બનનાર બાળકી હોય તેવા કિસ્સામાં તબીબી તપાસ સ્ત્રી ડોક્ટર દ્વારા કરવાની રહેશે.

(૩) તબીબી તપાસ બાળકના માતાપિતાની અથવા બાળકને જેના ઉપર વિશ્વાસ અને ભરોસો હોય તેની હાજરીમાં કરવાની રહેશે.

(૪) જ્યારે બાળકના માતાપિતા અથવા પેટા કલમ-3 માં ઉલ્લેખ કરેલ અન્ય કોઈ વ્યક્તિ કોઈ કારણસર હાજર ન હોય તેવા કિસ્સામાં બાળકની તબીબી તપાસ મેડીકલ સંસ્થાના નિમાયેલ સ્ત્રી વડાની હાજરીમાં કરવાની રહેશે.

**પ્રકરણ - ૭**

## ખાસ અદાલતો

**કલમ : ૨૮**

(૧) ઝડપી ન્યાય થઈ શકે તે હેતુથી રાજ્ય સરકારે રાજ્યની વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચારવિમર્શ કરી સલાહ અનુસાર રાજ્યપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરી દરેક જિલ્લા માટે ખાસ અદાલતની નિમણૂંક કરવાની રહેશે. સેસન્સ અદાલતની આ કાયદા મુજબના ગુનાઓ ચલાવવા માટે ખાસ અદાલત તરીકે નિમણૂંક થઈ શકશે.

એવી જોગવાઈ કરવામાં આવી છે કે જો સેસન્સ અદાલતની કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઇલ્ડ રાઇટ એક્ટ ૨૦૦૫ અંતર્ગત બાળકની અદાલત તરીકે નિર્દિષ્ટ કરેલ હોય અથવા યથા પ્રસંગે સમાન હેતુસર કોઈપણ અન્ય કાયદા અનુસાર જો ખાસ અદાલત અસ્તિત્ત્વમાં હોય તો તેવા સંજોગોમાં આ અદાલત આ કલમ અનુસાર ખાસ અદાલત છે તેવું માનવામાં આવશે.

(૨) આ કાયદાની જોગવાઈ અનુસાર ગુનાની કાર્યવાહી દરમિયાન ખાસ અદાલત (પેટા કલમ - ૧ માં દર્શાવેલ છે તે સિવાયના ગુનાઓ) આરોપી કે જેની સાથે ફોજદારી કાર્યરીતી સંહિતા - ૧૯૭૩ અનુસાર



તહોમત હોય તો એક સાથે ચલાવી શકાશે.

(૩) ખાસ અદાલતની રચના આ કાયદા અનુસાર કરવાની રહેશે. ઇન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ ૨૦૦૦માં ગમે તે જોગવાઈ હોય તેમ છતાં ઉપરોક્ત કાયદાની કલમ ૬૭ (બી) અનુસારના ગુનાઓ ચલાવવાની હકુમત રહેશે કે જે ગુનાઓ પ્રસિદ્ધિ બાબતના તથા સ્પષ્ટ રીતે બાળકને કોઈપણ રીતે શબ્દ કે ચિત્ર સાથેના સાહિત્ય હોય તેની હેરફેરના પ્રસંગે અથવા વર્તન કરવાની રીત અથવા બાળકનો દૂરઉપયોગ થઈ શકે તેવી ઓનલાઈન સુવિધા બાબતે હોય.

**કલમ : ૨૯**

જો કોઈ વ્યક્તિની સામે આ કાયદાની કલમ ૩, ૫, ૭ અને કલમ ૯ ના કોઈ પણ ગુના બાબતે ગુનો કરવા બદલ અથવા મદદગારી માટે અથવા ગુનાના પ્રયત્ન માટે કાયદેસર કાર્યવાહી કરવામાં આવે ત્યારે ખાસ અદાલતે તે વ્યક્તિને ગુનો અથવા મદદગારી અથવા ગુનો કરવાનો પ્રયત્ન કરેલ છે તેવું જે પ્રમાણે કેસ હોય તે પ્રમાણે વિરુદ્ધનું સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી માની લેવાનું રહેશે.

**કલમ : ૩૦**

(૧) આ કાયદા અનુસારના કોઈપણ ગુના માટે જ્યારે ફરીયાદ માંડવામાં આવે અને કામ ચલાવવામાં આવે કે જેમાં આરોપીને સાપરાધ ગુનાહિત જ્ઞાન જરૂરી હોય તેવા પ્રસંગે ખાસ અદાલતે આરોપીને તેવું ગુનાહિત જ્ઞાન હતું તેવું માની લેવાનું રહેશે અને આરોપી તરફેણના બચાવપક્ષે આરોપીને




ગુનાહિત જ્ઞાન ન હતું તેવું પુરવાર કરવાનું રહેશે કે જે અંગે ફરિયાદ પક્ષના કેસ અનુસાર તહોમત હોય.

(૨) આ કલમના હેતુ માટે એ હકીકત પુરવાર થયેલી ગણાશે કે જ્યારે ખાસ અદાલત તે હકીકત શંકા રહિત પુરવાર કરવામાં આવી છે તેવું માની લે. જ્યારે તેનું અસ્તિત્વ છે તેનાથી તેની શક્યતા છે તેવું વધારે પ્રભાવશાળી રીતે પ્રસ્થાપિત કરવામાં આવે.

**સ્પષ્ટીકરણ : આ કલમમાં ''સાપરાધ માનસિક સ્થિતિ'' માં ઈરાદો હેતુ,**
**હકીકતનું જ્ઞાન અને તેમાં તેની માન્યતા અથવા માનવાને કારણ, તે હકીકત**

**કલમ : ૩૧**

આ કાયદામાં અન્યથા જોગવાઈ કરવામાં આવી હોયતે સિવાય ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૩ની જોગવાઈઓ (જામીન અને જામીનખતની જોગવાઇઓ સહિત) ખાસ અદાલતમાં કાર્યવાહીના અગાઉના તબક્કે અને જોગવાઈઓનો હેતુ માટે ખાસ અદાલત એ સેસન્સ અદાલત છે તેવું માનવામાં આવશે અને જે વ્યક્તિ ફરિયાદ પક્ષનો કેસ ખાસ અદાલત સમક્ષ ચલાવશે તેને પબ્લિક પ્રોસીક્યુટર (સરકારી વકીલ) છે તેવું માનવામાં આવશે.

**કલમ : ૩૨**

(૧) રાજ્ય સરકાર રાજ્ય સરકારના રાજ્યપત્રમાં જાહેરનામાની પ્રસિદ્ધિ દ્વારા દરેક ખાસ અદાલતો માટે ફક્ત આ કાયદાની જોગવાઇઓ અનુસાર કામગીરી ચલાવવા માટે ખાસ સરકારી વકીલની નિમણૂંક કરશે.

(૨) પેટા કલમ (૧) અનુસાર જે વ્યક્તિએ સાત વર્ષ કરતાં ઓછી નહીં તેટલા વર્ષ સુધી વકીલાત ના વ્યવસાયમાં કામગીરી કરેલ હોય તેવી વ્યક્તિ ખાસ સરકારી વકીલ તરીકે નિમણૂંક થવાને પાત્ર થશે.

(૩) આ કલમ અનુસાર દરેક વ્યક્તિ કે જેની ખાસ સરકારી વકીલ તરીકે નિમણૂંક કરવામાં આવી હોય તે ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ની કલમ ૨ ની પેટા કલમ (યુ)ની જોગવાઇઓના અર્થઘટન મુજબ થાય તે રીતે કરવાનું રહેશે.

**પ્રકરણ : ૮**

**ખાસ અદાલતની કાર્યરીતિ અને સત્તાઓ તથા પુરાવો રજુ કરવા અંગે**

**કલમ : ૩૩**

(૧) આરોપી સામેની ચોક્કસ ઇન્સાફી કાર્યવાહી માટે મોકલવામાં આવે તે સિવાય હકીકત અંગેની ફરીયાદ મળેથી કે જે હકીકત ગુનાનું અસ્તિત્વ ધરાવતી હોય અથવા આ હકીકતો અંગેના પોલીસ રીપોર્ટ આધારે ખાસ અદાલત કોઈપણ ગુનાની ન્યાયીક નોંધ લઈ શકશે.

(૨) ખાસ સરકારી વકીલ અથવા જે કેસ હોય તે મુજબ બચાવ પક્ષ તરફે જે વકીલ હાજર થાય તેઓએ બાળકની જ્યારે સરતપાસ, ઉલટ તપાસ અથવા ફેર તપાસ નોંધવામાં આવે તે વખતે તેઓએ જે પ્રશ્ન પુછવાનો હોય તે પ્રશ્ન ખાસ અદાલત સમક્ષ મુકવો અને ખાસ અદાલત તે પ્રશ્ન બાળક સમક્ષ મુકશે.

(૩) જો ખાસ અદાલતને જરૂરી જણાય તો ઇન્સાફી કાર્યવાહી દરમિયાન વારંવાર રોકવા માટે પરવાનગી આપી શકાશે.

(૪) ખાસ અદાલત બાળકના કૌટુંબિક સભ્યોને, વાલીને, મિત્ર અથવા સંબોધીને, કે જેમાં બાળકને વિશ્વાસ અને ભરોસો હોય તેને અદાલતમાં હાજર રાખી તે દ્વારા બાળક સાથે મૈત્રીભર્યું વાતાવરણ ઉભું કરશે.

(૫) બાળકને વારંવાર જુબાની માટે અદાલતમાં બોલાવવામાં ન આવે તેનું ખાસ અદાલતે ધ્યાન રાખવાનું રહેશે.

(૬) ખાસ અદાલત ઇન્સાફી કાર્યવાહી દરમિયાન આક્રમક સવાલો તથા બાળકના ચારિત્ર્યનું ખૂન થાય તેવા સવાલો પૂછવા પરવાનગી આપી શકશે નહીં તથા ઇન્સાફી કાર્યવાહી દરમિયન બાળકનું માન મોભો જળવાઈ રહે તથા તમામ તબક્કે જળવાઈ રહે તેનું ધ્યાન રાખવાનું રહેશે.

(૭) ખાસ અદાલતે ગુનાની તપાસ દરમિયાન અથવા તો ઈન્સાફી કાર્યવાહી દરમિયાન બાળકની ઓળખ છતી ન થાય તેનું ધ્યાન રાખવાનું રહેશે.

જો બાળકના હિતમાં તેની ઓળખ છતી કરવા જરૂરી જણાય તો તે માટેના લેખીત કારણોની નોંધ કરી પરવાનગી આપી શકશે.

**સ્પષ્ટીકરણ : આ પેટા કલમના હેતુ માટે બાળકની ઓળખમાં, બાળકના કુટુંબની ઓળખ, શાળા, સંબંધી, પડોશી અથવા અન્ય માહિતી કે જેનાથી બાળકની ઓળખ છતી થતી હોય તે તમામનો સમાવેશ કરવામાં આવેલ છે.**

(૮) સમાન પ્રકારના કેસમાં ખાસ અદાલત સજા ઉપરાંત બાળકને થયેલ શારીરિક અથવા માનસિક આઘાતના અથવા તે બાળકના પુનર્વસન માટેના વળતર માટેનો વધારાનો હુકમ કરી શકશે.

(૯) આ કાયદાની જોગવાઈઓના હેતુ માટે ખાસ અદાલતને આ કાયદાની જોગવાઈઓ અનુસારના કોઈપણ ગુનાની ઇન્સાફી કાર્યવાહી દરમિયાન સેસન્સ અદાલત જેવા અને જેટલા તમામ અધિકાર અદાલત સમક્ષની કાર્યવાહી ગણાશે.

**કલમ : ૩૪**

(૧) જ્યારે આ કાયદા મુજબનો ગુનો બાળક દ્વારા કરવામાં આવે તો આ બાળક સામે બાળ ગુનેગાર ન્યાય (બાળકની સંભાળ અને રક્ષણ-જે.જે.એક્ટ) અધિનિયમ, ૨૦૦૦ની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

(૨) કોઈ ઈન્સાફી કાર્યવાહી દરમિયાન ખાસ અદાલત સમક્ષ એવો પ્રશ્ન ઉપસ્થિત થાય કે વ્યક્તિ એ બાળક છે કે નહીં, તો આ પ્રશ્નનો નિર્ણય કરવા માટે ખાસ અદાલત પોતાને તે વ્યક્તિની ઉંમર બાબતે સંતોષ થાય તો તે બાબતોના કારણોની લેખીત નોંધ કરી આ બાબતનો નિર્ણય કરી શકશે.

(૩) ખાસ અદાલત દ્વારા કરવામાં આવેલ હુકમ એ



નિરર્થક ગણાશે નહીં કે જ્યાં સુધી પેટા કલમ - ૨ માં જણાવ્યા મુજબ અગાઉ નિર્ણય કરવામાં આવેલ તે વ્યક્તિની ઉંમર બાબતેનો નિર્ણય કરવા બાબતેનો પુરાવો રજુ કરવામાં આવે.

**કલમ : ૩૫**

(૧) બાળકનો પુરાવો ખાસ અદાલત ગુનાની ન્યાયીક નોંધ લે તેનાથી ૩૦ દિવસમાં નોંધવો જોઈશે. જો વિલંબ થવા માટેના કોઈ કારણો હોય તેવા કારણોની ખાસ અદાલતે લેખીત નોંધ કરવી જોઇશે.

(૨) ખાસ અદાલત ઇન્સાફી કાર્યવાહી ન્યાયીક નોંધ લે તેનાથી શક્ય તેટલી વહેલી અથવા એક વર્ષમાં પૂર્ણ કરવી જોઇશે.

**કલમ : ૩૬**

(૧) જ્યારે પુરાવો નોંધવામાં આવે તે સમયે કોઇ પણ રીતે બાળક આરોપીને જોઈ શકે નહીં તે રીતે બાળકને ખાસ અદાલતે સુરક્ષિત રાખવાનું રહેશે. વધુમાં આ જ સમયે એ વાતનું પણ ધ્યાન રાખવાનું રહેશે કે આરોપી એ સ્થિતિમાં હોયકે જેથી તે બાળકનું નિવેદન સાંભળી શકે અને તેના વકીલ સાથે સંપર્ક કરી શકે.

(૨) પેટા કલમ-૧ના હેતુસર ખાસ અદાલત બાળકનું નિવેદન વીડિયો કોન્ફરન્સથી રેકોર્ડ કરી શકશે, અથવા એક તરફથી જે જોઈ શકાય તેવા કાચ અથવા પડદો અથવા અન્ય સાધનોનો ઉપયોગ કરી શકશે.

**કલમ : ૩૭**

ખાસ અદાલતે કેસની કાર્યવાહી ''ઇન કેમેરા'.



તેમજ બાળકના માતા પિતા અથવા અન્ય વ્યક્તિ કે જેની ઉપર બાળકને વિશ્વાસ અને ભરોસો હોય તેવી વ્યક્તિની હાજરીમાં કરવી જોઇએ.

એવી જોગવાઇ કરવામાં આવેલ છે કે જો ખાસ અદાલતનો એવો અભિપ્રાય હોય કે બાળકની જુબાની કોર્ટ સિવાય અન્ય જગ્યાએ લેવાવી જોઇએ તો કોર્ટ ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ ૨૮૪ મુજબ જુબાની લેવા માટે કમીશન નિમી શકશે.

**કલમ : ૩૮**

(૧) જ્યાં જરૂર જણાય ત્યારે ખાસ અદાલત બાળકનો પુરાવો લે તે વખતે ભાષાંતર કરનારની અથવા દુભાષીયાની કે જેની યોગ્ય લાયકાત, અનુભવ હોય તથા તેને દર્શાવ્યા મુજબની જરૂરી ફી ચૂકવી તેની મદદ લઈ શકશે.

(૨) જો બાળક માનસિક અથવા શારીરિક રીતે વિકલાંગ હોય ત્યારે ખાસ અદાલત ખાસ તાલીમ આપનારની અથવા અન્ય કોઈ પણ વ્યક્તિ કે જેની સાથે બાળકને વાતચીત કરવા માટે કૌટુંબીક વાતાવરણ હોય અથવા તે ક્ષેત્રના નિષ્ણાત હોય અને તેની એ પ્રકારની લાયકાત, અનુભવ હોય તેને દર્શાવ્યા મુજબની ફીની ચૂકવણી કરેથી બાળકનો પુરાવો લેવા માટે મદદ લઈ શકશે.

**પ્રકરણ - ૯**

**પરચુરણ**

**કલમ : ૩૯**

રાજ્ય સરકારે ધંધાદારી અને નિષ્ણાંત અથવા વ્યક્તિ કે જેને મનોવિજ્ઞાનનું જ્ઞાન હોય, સામાજીક કાર્યકર, શારીરિક તંદુરસ્તી, માનસિક તંદુરસ્તી, અને બાળ ઉછેર જેવી ખાનગી સંસ્થાઓ મારફતે જ્યારે કાર્યવાહી પહેલાં અથવા ન્યાયીક કાર્યવાહી વખતે બાળકને મદદ અંગેના નિયમો શરતોને આધિન આ વતિથી બનાવવાના રહેશે તેમજ આ અંગેની માર્ગદર્શિકા તૈયાર કરવાની રહેશે.

**કલમ : ૪૦**

ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ ૩૦૧ની જોગવાઇઓ આધીન બાળકના કુટુંબીઓ અથવા વાલી અથવા બાળક આ કાયદાના ગુનાઓ સંદર્ભે પોતાના પસંદગીના વકીલની મદદ લઈ શકશે.



એવી જોગવાઇ કરવામાં આવી છે કે, જો બાળકના કુટુંબીઓ અથવા વાલી અથવા બાળક વકીલનો ખર્ચ કરવા અશક્તિમાન હોય તો કાનુની સહાય સમિતિએ તેઓને વકીલની મદદ પુરી પાડવાની રહેશે.

**કલમ : ૪૧**

કલમ ૩ થી ૧૩ (બંને સહિત)ની જોગવાઈઓ બાળકની તબીબી તપાસ કરનાર અથવા તબીબી સારવાર આપનારના કેસમાં લાગુ પડશે નહીં જ્યારે તબીબી તપાસ અથવા તબીબી સારવાર બાળકના માતાપિતા અથવા વાલીની સંમતિથી કરવામાં આવેલ હોય.

**કલમ : ૪૨**

જ્યારે આ કાયદા અનુસાર કોઈ કૃત્ય અથવા કોઈ કૃત્યનો આવશ્યક ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ હોય અને આ કૃત્ય તે સમયે અમલમાં હોય તેવા અન્ય કાયદા અનુસાર ગુનો બનતું હોય ત્યારે તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈપણ કાયદામાં કોઇપણ જોગવાઇ કરવામાં આવેલ હોય તેમ છતાં આરોપી ગુનેગાર છે તેવું જણાઈ આવે તો તે ગુના માટે તે કાયદા અનુસાર શિક્ષા થઇ શકશે અથવા બંનેમાંથી જે ગુનાની સજા વધુ હશે તે અનુસાર સજા થઇ શકશે.

**કલમ : ૪૩**

કેન્દ્ર સરકાર અને દરેક રાજ્ય સરકાર, એ માટે ખાતરી કરવા બાબતે દરેક પગલાં લેશે કે -

(અ) આ કાયદાની જોગવાઇઓનો પ્રચાર મીડીયા દ્વારા, ટેલીવીઝન, રેડીયો, અને નિયમિત સમયાંતરે છાપેલા માધ્યમ દ્વારા સામાન્ય પબ્લિક, બાળકો તેમજ તેઓના માતાપિતા તથા વાલી આ કાયદાની જોગવાઈઓથી માહિતગાર થાય.

(બ) કેન્દ્ર સરકારના અને રાજ્ય સરકારના અધિકારીઓ અને અન્ય સંબંધિત વ્યક્તિઓ (પોલીસ અધિકારીઓ સહિત) ને આ કાયદાની જોગવાઇઓના અમલીકરણ માટે નિયત તાલીમ આપવી.

**કલમ : ૪૪**

(૧) કલમ ૩ અનુસાર બાળકોના અધિકારના રક્ષણ માટેનું કેન્દ્રીય પંચ અથવા જે પ્રમાણે કેસ હોય તે મુજબ અને કલમ ૧૭ અનુસાર બાળકોના અધિકાર ના રક્ષણનો કાયદો ૨૦૦૫, માટેનું રાજ્ય પંચ આ કાયદા મુજબનું વધારાનું કાર્ય કરવા માટે નિમણૂંક કરશે, તદ્ઉપરાંત આ કાયદાની જોગવાઇઓના અમલીકરણ દર્શાવ્યા મુજબની રીતે થાય તે બાબતે ધ્યાન રાખશે.

(૨) કેન્દ્રીય પંચ અથવા જે મુખ્ય કેસ હોય તે મુજબ, રાજ્ય પંચ પેટા કલમ - ૧માં ઉલ્લેખ કરેલ છે તે મુજબ આ કાયદા મુજબ ના કોઇ પણ કેસ બાબતે તપાસ અંગે તેઓને બાળકોના રક્ષણ અંગેના અધિકારનો કાયદો ૨૦૦૫નું પંચ મુજબ અધિકાર રહેશે.

(૩) કેન્દ્રીય પંચ અથવા જે મુજબ કેસ હોય તે મુજબ, રાજ્ય પંચ પેટા કલમ-૧માં ઉલ્લેખ કરેલ છે તે મુજબ આ કલમ મુજબની તેઓની કામગીરી અંગેના વાર્ષિક અહેવાલ કલમ ૧૬ દર્શાવ્યા મુજબ બાળકોના રક્ષણ અંગેના અધિકારનો કાયદો ૨૦૦૫નું પંચનો સમાવેશ થાય છે.

**કલમ : ૪૫**

(૧) કેન્દ્ર સરકાર ઓફીસીયલ ગેઝેટમાં પ્રસિદ્ધિ દ્વારા આ કાયદાનો હેતુ સિદ્ધ કરવા સારૂ નિયમો બનાવી શકશે.

(૨) અગાઉ જણાવેલ અધિકાર બાબતે લોકો સંબંધિત કોઇ પણ પૂર્વગ્રહ વિના અને ચોકસાઇ પૂર્વક દરેક માટે નિયમો લાગુ કરશે અથવા ચાને કે નીચે દર્શાવેલ કોઇપણ કેસ બાબતે :-

(અ)તેઓની લાયકાત અને અનુભવ, અને ભાષાંતર કરનાર અને દુભાષિયાને ચુકવવા પાત્ર થતી ફી,



ખાસ તાલીમ આપનાર અથવા અન્ય વ્યક્તિ કે જે બાળક સાથે આદાન પ્રદાન માટેની રીતથી પરિચિત હોય અથવા તે ક્ષેત્રના નિષ્ણાંત, કલમ ૧૯ની પેટા કલમ (૪) તથા કલમ ૨૬ની પેટા કલમ ૨ અને ૩ તથા કલમ ૩૮ અનુસાર :

(બ) કલમ ૧૯ની પેટા કલમ - ૫ મુજબ સંભાળ અને રક્ષણ અને તાત્કાલીક બાળકની તબીબી સારવાર,

(ક) કલમ ૩૩ની પેટા કલમ - ૮ મુજબ વળતરની ચૂકવણી,

(ડ) કલમ ૪૪ ની પેટા કલમ (૧) મુજબ સમયાંતરે તપાસણી કરવાની રીત.

(૩) આ કલમ હેઠળ બનાવવામાં આવેલ દરેક નિયમ ને બનાવવામાં આવે કે તુરત જ અમલમાં આવે તે રીતે અમલમાં મુકવામાં આવશે, સંસદનું દરેક ગૃહ મળે તે અગાઉ, જ્યારે તેનું સત્ર ચાલું હોય, પૂરા ત્રીસ દિવસ માટે કે જેમાં એક સત્ર અથવા બે માં અથવા તેથી વધારે સફળતાપૂર્વકના સત્રમાં સમાવવામાં આવેલ હોય, અને જો સત્ર તાત્કાલીક રીતે પૂર્ણ થાય તે પહેલાં તે પછી આવતા સત્ર અથવા સફળતાપૂર્વક ઉપર જણાવ્યા મુજબના બંને ગૃહ નિયમોમાં સુધારા વધારા કરવા અથવા ન કરવા માટે સંમત થાય તો જે પ્રમાણેના સંજોગો હોય તે પ્રમાણે તેવા નિયમોનો બનાવવામાં કે રદ કરવામાં આવે તે પછી તુરંત જ અમલમાં છે તેમ ગણાશે. આમ છતાં આવા સુધારા વધારા અથવા રદ કરવામાં આવેલા નિયમો કોઈપણ જાતના પૂર્વગ્રહ વિના તે નિયમ અનુસાર અગાઉ કરવામાં આવેલ હોય તેની કાયદેસરતાને બાધ આવે તે સિવાય લાગુ પડશે.

**કલમ : ૪૬**

(૧) જો આ કાયદાની અસરકારકતા આપવા સંબંધે કોઈ મુશ્કેલી ઉપસ્થિત થાય તો કેન્દ્ર સરકાર તે બાબતેના જરૂરી હુકમોની યોગ્ય રીતે અધિકૃત સરકારી માહિતી પત્રક (ગેઝેટ) મારફ્તે તે રીતે હુકમ કરશે કે તે હુકમ આ કાયદાની જોગવાઈઓ સાથે અસંગતતા પેદા ન કરે તે રીતે કોઈ અમલ કરવો જરૂરી જણાય અથવા તો કોઈ હુકમો ઉપયોગી હોય અને તે સામે થતી મુશ્કેલીઓ દૂર કરવા માટે અધિકાર રહેશે.

એવી જોગવાઈ કરવામાં આવે છે કે, આ કાયદો અમલમાં આવે તેના બે વર્ષ પૂર્ણ થાય તે પછી આ કલમ હેઠળ કોઈ નિયમો બનાવી શકાશે નહીં.

(૨) આ કલમ હેઠળ બનાવવામાં આવેલ દરેક નિયમ તે બનાવવામાં આવે તે પછી તુર્ત જ દરેક સંસદના ગૃહ પહેલાં અમલમાં આવે તે રીતે મુકવાના રહેશે.



### સી.આઈ.ડી. ક્રાઇમ - મહિલા સેલ દ્વારા કરવામાં આવતી કામગીરી

- મહિલા વિરુધ્ધના અત્યાચારના પત્રકોનું સંકલન કરી વિવિધ વિભાગોમાં પહોચાડવા
- બાળકો વિરુધ્ધના અત્યાચારના પત્રકોનું સંકલન કરી વિવિધ વિભાગોમાં પહોચાડવા
- રાજ્યના મહિલા પોલીસ સ્ટેશન અને મહિલા સેલનું મોનીટરીંગ
- એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ અંગેની કામગીરીનું મોનીટરીંગ
- જુવેનાઇલ જસ્ટીસ એક્ટ મુજબની કામગીરીનું સંકલન
- જાતીય સંવેદનશીલતા અને મહિલાઓ તથા બાળકોના વિકાસ અર્થે સેમીનાર ,વર્કશોપ અને તાલીમનું આયોજન
- રાજ્યમાંથી આવતી અરજીઓની પ્રાથમિક તપાસની કામગીરી

### બાળકો અને મહિલાઓની સુરક્ષા અંગે ગુજરાત પોલીસ કટિબદ્ધ

- ગુજરાતના **૨૨** જિલ્લાઓમાં મહિલા હેલ્પલાઇન **૧૦૯૧** કાર્યરત
- રાજ્યમાં **૨૮** મહિલા પોલીસ સ્ટેશન અને **૪** મહિલા સેલ કાર્યરત
- દરેક મહિલા પોલીસ સ્ટેશન સ્પેશિયલ જુવેનાઇલ પોલીસ યુનિટ તરીકે જાહેર
- દરેક પોલીસ સ્ટેશનમાં ચાઇલ્ડ વેલફેર ઓફિસરની નિમણુક

**સરનામું**
**પોલીસ મહાનિરીક્ષકશ્રી**
**સી.આઇ.ડી. ક્રાઇમ - મહિલા સેલ, ૪થો માળ, પોલીસ ભવન,**
**સેક્ટર - ૧૮, ગાંધીનગર.**



નિર્માતા

પોલીસ મહાનિરીક્ષકશ્રી

સી.આઇ.ડી. ક્રાઇમ - મહિલા સેલ, ૪થો માળ, પોલીસ ભવન,

સેક્ટર - ૧૮, ગાંધીનગર.